R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રી: પ્રકાશ ધોળકીયા

વેબ સાઇટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

(મો)૯૮૨૫૧૬૯૩૮૬
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬

YEAR-26 • ISSUE: 45 DATE: 11-11-2017• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One •YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયી એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગાર
પાલડી,અમદાવાદ-૭

## સાઉદી અરેબિયામાં ભ્રષ્ટાચાર સ્વચ્છતા અભિયાન હેઠળ ૧૧ શાહજાદાની ધરપકડ

સાઉદી અરબમાં પાટવી કુંવર મોહમ્મંદ બિન સલમાન સત્તાના સુત્રો સંભાળવા જઇ રહ્યા છે ત્યારે દેશમાં શરુ કરાયેલા ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન અંતગર્ત અબજો પતિ શાહજાદા અલ વાલીદ બિન તલાલ સહિત ૧૧ રાજકુવરોની ધરપકડ કરી છે.તે ઉપરાંત ૪ વર્તમાન મંત્રીઓ અને ડઝનો પુર્વ મંત્રીઓને પણ જેલના સળીયા પાછળ ધકેલી દેવાયા છે.સાઉદીની સરકારે રાજગાદીના પ્રબળ દાવેદાર અને સાઉદી નેશનલ ગાર્ડના વડા, સાઉદી નૌકાદળના વડા અને નાણાંમંત્રીને પણ બરતરફ કરી નાંખ્યા છે.અટકાયતમાં લેવાયેલ લોકોને રિયાધની રિત્ઝ કાર્લટોન હોટલમાં રખાયા છે.

સાઉદીના ધર્મગરુઓની ટોચની કાઉન્સીલે એક નિવેદન જારી કરીને જણાવ્યુ હતું કે ભ્રષ્ટાચાર સામેની લડાઇ ઈસ્લામીક ફરજ છે.ધર્મગુરુઓના સમર્થનથી પાટવીકુંવરના ભ્રષ્ટાચાર વિરોધી અભિયાનને વધુ બળ પ્રાપ્ત થયું છે.

## મોદી સરકારની નીતીઓથી દેશના ખેડુતો,વેપારીઓ અને યુવાનો નારાજ છે : શત્રુઘ્ન સિંહા

ભાજપના સાંસદ અને અભિનેતા શત્રુઘ્ન સિંહાએ વડાપ્રધાન મોદી અને રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પર નિશાન સાધ્યુ હતું. તેમણે જણાવ્યુ હતું કે ભાજપને લોકોની ઈચ્છાઓ અને આશાઓની પુર્તિ દ્વારા પોતાને સાબિત કરવાનો છે.આ સાબિતી માટે પહેલા તો ભાજપે પોતાની વન મેન આર્મી અને ટુ મેન આર્મીની માનસિકતામાંથી બહાર આવવું પડશે.તેમણે વધુમાં જણાવ્યુ હતું કે આજે પણ દેશના ખેડુતો,વેપારીઓ અને યુવાનો મોદી સરકારની નીતીઓથી નારાજ છે.આગામી સમયમાં યોજાનારી ગુજરાત અને હિમાયલ પ્રદેશની વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપને મુશ્કેલી નડશે કારણકે વેપારીઓ,ખેડુતો અને યુવાનો નારાજ છે.

ઉલ્લેખનીય છે કે શત્રુઘ્ન સિંહા પાટલીપુત્રથી લોકસભાના સાંસદ છે. અને છેલ્લા કેટલાક મહિનાઓથી પોતાના નિવેદનોના કારણે ચર્ચામાં છે.થોડા દિવસ પહેલાં તેમણે પુર્વ કેન્દ્રીય મંત્રી યશવંત સિંહાને સમર્થન આપીને દેશની ખાડે જતી અર્થ વ્યવસ્થાના મુદ્દે મોદી સરકાર ઉપર નિશાન તાક્યું હતું.

સિંહાએ વધુમાં કહ્યુ હતું કે પક્ષ દ્વારા વરિષ્ઠ નેતાઓને હાંસિયામાં ધકેલી દેવાયા છે. ખરેખર પાર્ટીએ એક જુથ થઇને વરિષ્ઠ નેતાઓને સાથે રાખીને તેમના આર્શીવાદ લઇને આગળ વધવું જોઇએ.આ નેતાઓએએ જ બધું ન્યોછાવર કરીને પક્ષને આ સ્તર ઉપર પહોચવામાં મદદ કરી છે.મને આજ સુધી નથી સમજાતું કે એલ.કે.અડવાણી,મુરલી જોશી,યશવંત સિંહા અને અરુણ શૌરી જેવા સિનિયર નેતાઓની શું ભુલ હતી કે તેઓને હાંસિયામાં ધકેલી દેવાયા છે.આખરે તો આપણે ભાજપ પરિવારના જ સભ્યો છીએ.આ લોકોથી કોઇ ભુલ થઇ હોય તો તેને માફ શા ટે નથી કરાતા.

## નોટબંધી કાળા નાણાં ને સફેદ કરવાનું મોટું કૌભાંડ : મમતા બેનરજી

નરેન્દ્ર મોદી સરકાર પર નોટબંધીના મામલે પ્રહારો કરતાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે નોટબંધી એક મોટું કૌભાંડ હતુ ને તેના દ્વારા સ્થાપિત હિતોને કાળા નાણાં સફેદ કરવામાં મદદ મળી હતી. બેનરજીએ આ ટિપ્પણી નોટબંધીની પ્રથમ વર્ષગાંઠની પુર્વસંધ્યાએ કરી હતી. તેમણે ફેસબુક પર કહ્યુ હતું કે નોટબંધીના કૌભાડની જો તપાસ કરાવવામો આવે તો તે સાબિત થશે.કાળા નાંણાને નાથવા માટે નહોતી નોટબંધી પરંતુ સ્થાપિત હિતોના કાળા નાણાં સફેદ કરવા કરાઇ હતી.

## નોટબંધીને પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે સંગઠિત લુંટ તરીકે વર્ણવી : ચુંટણી પુર્વે ભાજપ-કોગ્રેસનું વાક્ યુધ્ધ ચરમસીમા પર

બહુ ઓછાબોલા તરીકે પંકાયેલા પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે ગુજરાતમાં ચુંટણી પ્રચારમાં બેઉ બળીયા વચ્ચે ફાટી નિકળેલ વાક્ યુધ્ધ ચરમસીમા પર પહોચ્યુ ંછે.રુપીયા ૧૦૦૦ અને રુ.૫૦૦ની ચલણી નોટો ચલણમાંથી રદ કરવાના સરકારી નિર્ણયને એક વર્ષ પુર્ણ થતાં સત્તા પક્ષ અને વિપક્ષ વચ્ચે શાબ્દિક યુધ્ધ છેડાઇ ચુક્યું છે.પુર્વ વડાપ્રધાન મનમોહનસિંહે નોટબંધીને એક વખત સંગઠિત લુંટ ગણાવી હતી.તેમણે નોટબંધીના નિર્ણયનો આડેધડ કવાયતરુપ ગણાવ્યો હતો. નોટબંધી સરકારનું બ્લંડર ગણાવીને તેના કારણે દેશનો જીડીપી ઘટ્યો હોવાનો આરોપ મુક્યો હતો.નોટબંધી અને જીએસટી જેવા મોદી સરકારના વિનાશકારી નિર્ણયથી દેશમાં ટેક્સ ટેરીરીઝમની સ્થિતિ ઉભી થઇ હોવાનો પણ આરોપ મુકયો હતો.તેમણે ૮ નવેમ્બરના દિવસે દેશના અર્થતંત્ર જ નહીં પરંતુ લોકશાહી માટે કાળો દિવસ લેખાવતાં કહ્યુ કે આ નિર્ણયથી દેશના લઘુ-મધ્યમ ઊદ્યોગોની કમર તુટી ગઇ છે.નોટબંધીને મોદી સરકારનો બ્લંડર નિર્ણય ગણાવતાં તેમણે કહ્યુ હતું કે આ નિર્ણયથી તેમને આઘાત લાગ્યો હતો.વડાપ્રધાનના આ ઉતાવળીયા નિર્ણયથી દેશનો જીડીપી ઘટીને ૫.૭ ટકા થયો હોવાનું મનમોહનસિંહે કહ્યુ હતું.જીડીપીમાં વાર્ષિક એક ટકાનો ઘટાડો દેશના દોઢ લાખ કરોડ રુપીયા ઓછા કરે છે.ખેડુતોની આવક પાંચ વર્ષમાં બેગણી કરવાના મોદીના નિવેદનને તેમણે વધુ એક ચુંટણી જુમલો ગણાવ્યો હતો. વિધાનસભાની ચુંટણી પ્રચાર માટે નોટબંધીને એક વર્ષ પુર્ણ થવાના એક દિવસ પહેલાં અમદાવાદની મુલાકાતે આવેલા પ્રખર અર્થશાસ્ત્રી અને પુર્વ વડાપ્રધાન ડો.સિંઘે શાહીબાગ સ્થિત સરદાર પટેલ સ્મારક ખાતે ઊદ્યોગકારો અને કોગ્રેસ કાર્યાલય ખાતે પત્રકાર પરિષદને સંબોધતા નોટબંધી અને જીએસટીના મુદે મોદી સરકારની આકરી ઝાટકણી કાઢી હતી.તેમણે કહ્યુ હતું કે નોટબંધીથી કાળુ નાણું,ટેરર ફંડિગ અને કેશલેસ ઈકોનોમી જેવા એક પણ હેતુ સિધ્ધ થયા નથી.

૨૦૧૬-૧૭ના પ્રથમ છ મહિનામાં ચીનમાંથી ભારતની આયાત ૨૦૧૭-૧૮માં સમયગાળા દરમિયાન ૧.૯૬ લાખ કરોડ હતી. જે વધીને રુપીયા ૨.૪૧ લાખ કરોડની થઇ ગઇ છે.આમ, આયાતમાં થયેલો અભુતપુર્વ વધારો રુપીયા ૪૫૦૦૦કરોડ થવા જાય છે.એક વર્ષમાં ૨૩ ટકાનો વધારો



સુચવે છે.જે મોટેભાગે નોટબંધી અને જીએસટીને આભારી છે.ભારતીય નોકરીઓના ભોગે ચીનથી આયાત વધી રહી છે.જીએસટી થી વેપારી આલમમાં રીતસરનો ખોફ પેદા થયો છે.સાનુકુળ વૈશ્વીક અક્રોઇકોનોમિક શરતો હોવા છતાં કરવેરાના આતંકવાદના ભયથી ઊદ્યોગોમાં રોકાણકારોનો વિશ્વાસ ઘટ્યો છે.જેના પગલે હાલમાં ખાનગી મુડીરોકાણની વૃધ્ધિ ૨૫ વર્ષની નીચી સપાટીએ આવી ગઇ છે.નોટબંધીનો અવિચારી નિર્ણયને કારણે પ્રજા પરેશાનીમાં મુકાઇ ગઇ છે.૮૬ ટકા રોકડ પાછી ખેચવી પડે તેવો નોટબંધીનો નિર્ણય વિશ્વનો ભાગ્યે જ કોઇ દેશ કરે એ જણાવી તેમણે કહ્યુ હતું કે એક વર્ષ પછી ચલમમાં ૯૦ ટકા રોકડ પાછી ફરી છે.

## નોટબંધીનો નિર્ણય સરકારનો નીતિમત્તાપુર્ણ હતો : નોટબંધી એ તમામ સમસ્યાઓનો ઉકેલ નથી : જેટલી

નાણાં મંત્રી અરુણ જેટલીએ નોટબંધીનો નિર્ણય એ સરકારનું નૈતિક પગલું ગણાવતાં કહ્યુ હતું કે પુર્વ વડાપ્રધાને જણાવ્યા મુજબ નોટબંધી એ સંગઠિત લુટ હતી તે ખોટું છે.તેમણે ડો.સિંઘની સરકારને ટુજી સ્પેક્ટમ કૌભાં.ડ,કોમનવેલ્થ કૌભાંડ અને કોલસા કૌભાંડ દ્વારા લુંટ ચલાવાઇ હતી તેવું જણાવ્યુ હતું.જેટલીએ કહ્યુ હતું કે નોટબંધીના નિર્ણયછી એક વ્યાપક ઔપચારિક સ્વચ્છ અર્થતંત્ર સ્થપાયું જેમાં મોટાપાયે લોકોને ટેક્સ હેઠળ આવરી લેવાયા છે. એક વર્ષ પહેલાં લેવાયેલો નોટબંધીનો નિર્ણય ઐતીહાસિક અને દેશના અર્થતંત્ર માટે મહત્વના વળાંક સમાન હતો.નાણાંમંત્રીએ આ સાથે કહ્યુ કે નોટબંધી એ તમામ સમસ્યાનો ઉકેલ નથ. પ રંતુ તેણે એજન્ડા બદલ્યો છે. અને પગલાંથી લેશ -કેશ ઈકોનોમી તરફ દેશ આગળ વધ્યો છે. જેને કારણે વધુ સંખ્યામાં લોકો ટેક્સની જાળમાં આવ્યા છે. અને તેને કારણે ટેરર ફંડીગ પણ ઘટ્યુ છે.નોટબંધીને કારણે માલુમ પડ્યું છે કે ૧૮ લાખ લોકો પાસે આવક કરતાં વધુ પ્રમાણાં સંપત્તિ છે. કોગ્રેસે કાળા નાણાં સામે ક્યારે પગલાં લીધા નથી. નીતિમત્તાના મુદ્દે ભાજપ કોગ્રેસથી અલગ દષ્ટિકોણ ધરાવે છે. ભાજપ



દેશની સેવાને પ્રાથમિકતા આપે છે.દેશની પ્રતિષ્ઠાને કોઇ નુકશાન થયું નથી.

નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઇ શકાશે.

# નવ ક્રાંતિ

નોટબંધીના એક વર્ષની સમાપ્તિએ કેટલાક લોકોએ વરસી મનાવી માતમ માણ્યો અને કેટલાકે તેને ઉપલબ્ધિ ગણાવીને ઉજવણી કરી. ખેર,બેઉ પક્ષોની વાત તટસ્થ રીતે જોઇએ તો સત્ય કોની પડખે છે તેની તારવણી કરીએ તો કેટલાક મુદ્દાઓને બાદ કરતાં નફા કરતાં નુકશાનના આંકડા વધુ છે.જે ઉપલબ્ધિને માટે ગાણાં ગવાય છે તેના માટે દેશમાં ઘણી સંખ્યામાં લોકોએ જાનની કુરબાની આપી છે.ખરેખર તો તેમને નોટબંધીના શહીદ કહેવા કે નહી તેના માટે પંચની નિમણુંક કરી શકાય.

ખેર,નોટબંધીથી આતંકવાદ ખતમ થઇ જાય તેવી ગણતરીઓ ખોટી પડી છે. કાશ્મીરમાં આતંકવાદનો આંક નીચો જવાને બદલે વધ્યો છે.અને કાશ્મીરીઓમાં ભારતને દુશ્મન માનવાની ગ્રથિ કંઇક અંશે ઘર કરવા લાગી છે.આપણે તેને આપણ જો એક ભાગ માનતા હોય તો ત્યાંના લોકોમાં અન્ય ભારતીયો પ્રત્યે સુગ કે દ્વેષ ભાવના ઉભી થાય તો ત્યાં જે લોકો સત્તા પર છે તેમની કંઇક બાબત ખોટી છે જેના કારણે સમગ્ર પરિસ્થિતિનું નિર્માણ થયું છે.ગોળીથી મરનાર લોકોના કુંટબીઓમાં વેરભાવના વધતી ચાલી છે. કાશ્મીર તમારુ છે તો ત્યાંનાલોકોમાં તમારાપણાનો ભાવ ઉભો કરવો પડશે.

ચલણી નોટો નવી છપાયેલી તેમાં કોઇ પણ પ્રકારે નકલ ના થઇ શકે તેવા ગુણગાન સરકાર ગાતી હતી પરંતુ તેના જેવીજ આબેહુબ નકલી નોટો પકડાવવાની શરુ થઇ.નકલી નોટો દેશમાં પણ છપાય છે અને ભુતકાળમાં પ્રસિધ્ધ થયેલા સમાચારો મુજબ દુશ્મન દેશોમાં પણ નકલી ચલણી નોટો છપાઇને દેશમાં આવે છે.જે આતંકીઓ વાપરતા હશે એવું માનવાને કારણ છે.રીઝર્વ બેન્કના પ્રસિધ્ધ થયેલા અહેવાલો મુજબ દેશના ચલણમાં ફરતી નાબુદ કરાયેલી નોટો પૈકી મોટાભાગની નોટો પાછી ફરી છે તો કાળુ નાણું ક્યાં છે તે એક સવાલ ઉભો થાય છે. વિદેશોમાં કાળુ નાણું જતુ રહ્યું તો તે ભારતીય ચલણમાં તો જ હોય તે જાણકારી જાણકારો પાસે હોય,હવે સવાલો જે ઊભા થાય છે તે બધાના જવાબો સરકાર પાસે ના પણ હોય .પરંતુ જે મકસદ પુરો કરવા માટે આ નિર્ણય લેવાયો હતો તેમાં ક્યાંક તો કાચુ કપાયું છે અને ઉતાવળે લેવાયેલ નિર્ણય છે.સામાન્ય લોકો આ નોટબંધીથી ઉભી થયેલ હાલાકી નો ભોગ બન્યા છે.નોટબંધી બાદ બજારમાં ચલણની નવી નોટો આવી ગઇ જે ગુપ્ત ખાનાઓમાં ભરાઇને પડી હતી.

## મંતવ્ય

તાજેતરમાં કેરળની જનયાત્રા વખતે તેમાં જોડાયેલા યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કેરળમાં છેલ્લા કેટલાક સમયથી ભાજપ અને સંઘના કાર્યકરોની થઇ રહેલી હત્યા બાબતે જણાવ્યુ હતું ક લોકશાહીમાં હિંસાને સ્થાન નથી. ભાજપે આ રાજકીય હત્યાઓના વિરોધમાં જનસુરક્ષા યાત્રાનું આયોજન કર્યુ છે. કેરળમાં સીપીઆઇ-એમ સરકાર આ હત્યાઓ સામે આંખમિચામણા કરે છે.

ભાજપના નેતાઓ અને યોગીજીને કેરળમાં ભાજપ કે સંઘના કાર્યકરોની થઇ રહેલી હત્યા બાબતે જે આક્રોશ છે તેની સામે દેશની જનતાનો પણ આક્રોશ છે.તમારા જ સંગઠનો ગૌરક્ષાને નામે કે ધર્માંતરણના નામે અનેક નિર્દોષ લોકોની હત્યા કરી નાંખી છે ત્યારે તમને લોકશાહી કેમ યાદ આવતી નથી.ભાજપ સત્તા સ્થાને આવ્યા બાદ દેશમાં આવી હત્યાઓનો સિલસિલો વધ્યો છે જે આંકડાઓ પરથી સાબિત થાય છે.ત્યારે આવા મગરના આંસુ શારવાનો કોઇ અર્થ ખરો.ખાટલે ક્યાં ખોડ છે તે ભાજપના નેતાઓએ શોધી કાઢવાની જરુર છે.અને જ્યારે કોઇ તેમની ખોટી બાબતો માટે તેમને પડકારે ત્યારે તેમની લોકશાહી,નિતિમત્તા વિગેરે બાબતો યાદ આવે છે.કેરળમાં થતી હત્યાઓ પાછળ ત્યાંનું કોમવાદી રાજકારણ અગત્યનો ભાગ ભજવે છે.

મનોજભાઇ કે. પરમાર

# રાજસ્થાનની વસુંધરા રાજેની સરકારે મીડીયાનું ગળુ ટુંપતો વટહુકમ બહાર પાડ્યો તેને રદ કરવાની એડિટર ગિલ્ડની માંગણી

સરકારની મંજુરી વિના જાહેર સેવકો, જજો અને મેજિસ્ટ્રેટો સામેના આરોપોને પ્રસિધ્ધ કરવા પર પ્રતિબંધ મુકતા વટહુકમને પાછો ખેચવા માટે એડિટર્સ ગિલ્ડ ઓફ ઇન્ડીયાએ રાજસ્થાનની વસુધરા રાજે સરકાર સમક્ષ માંગ કરી છે.એક નિવેદનમાં ગિલ્ડે જણાવ્યુ હતું કે આ વટહુકમ મીડીયાને હેરાન કરવા માટેનું હાથવગું સાધન પુરવાર થશે.આ વટહુકમને કારણે સરકારી નોકરો દ્વારા કરાયેલા કાળાં કૃત્યો દબાવી દેવાશે અને મીડીયાની સ્વતંત્રતાનું ગળુ દબાવી દેવાશે.ગિલ્ડે જણાવ્યુ હતું કે બનાવટી અને ખોટી ફરિયાદો નોધાવનારાને અટકાવવા અને સજા કરવાના પગલાં લેવાને બદલે રાજસ્થાન સરકારે કાળો વટહુકમ બહાર પાડીને એવો સંકેત આપ્યો છે કે તે ભ્રષ્ટાચારીઓને સુરક્ષા આપવા માંગે છે.એડિટર્સ ગિલ્ડ કાયદાની અદાલતમાં દાખલ થતી ફરિયાદોનું ન્યાયી,સંતુલિત અને જવાબદાર રિપોર્ટીંગ થાય તેની તરફેણ કરે છે.પરંતુ સરકાર દ્વારા ઘાતકી પધ્ધતિ અપનાવવામાં આવી રહી છે.

જો કે વસુધરા રાજેની સરકારે વિધાનસભામાં જાહેર સેવકો સામે ભ્રષ્ટાચાર સહિતના કેસો ચલાવવા માટે સરકારની પરવાનગી લેવી પડશે તેવી જોગવાઇ કરતા સુધારા ખરડાને રજુ કર્યો હતો.કોંગ્રેસના ધારાસભ્યોના ઉગ્ર વિરોધ વચ્ચે રાજ્યની ભાજપ સરકારે ક્રિમિનલ લો બિલ રજુ કર્યુ હતું.સરકાર કેસની તપાસની પરવાનગી ના આપે ત્યાં સુધી મીડીયા કથિત જાહેર સેવકનું નામ જાહેર કરી શકશે નહી.સરકાર દ્વારા રજુ કરાયેલા ખરડામાં પુર્વ અને ફરજ બજાવતા ન્યાયાધીશ,મેજિસ્ટ્રેટ અને સરકારી અધિકારીઓ સામે તપાસ માટે રાજ્ય સરકારની પુર્વ મંજુરી લેવાની જોગવાઇ છે.

આ વિવાદાસ્પદ ખરડાને એડવોકેટ અજય જૈને રાજસ્થાન હાઇકોર્ટમાં પડકાર આપ્યો છે.તેમણે કહ્યુ હતું કે રાજે સરકારના આ વિવાદાસ્પદ ખરડાને ગેરબંધારણીય જાહેર કરવામાં આવે.આ ખરડો બંધારણના આર્ટિકલ ૧૪,૧૯ અને ૨૧નું ઉલ્લંઘન કરે છે.આ ખરડો પક્ષપાતી અને બદઇરાદાભર્યો છે. આ ખરડો નાગરિક જીવન જીવવાના અધિકારને અસર કરે છે.રાજસ્થાન કોંગ્રેસના પ્રમુખ સચિન પાયલટે વિવાદાસ્પદ ખરડાના વિરોધમાં રાજભવન પર કુચ કરી જવાનો પ્રયાસ કરતાં તેમની તથા કોંગ્રેસી કાર્યકરોની અટકાયત કરવામાં આવી હતી.જો સિચન પાયલટે કહ્યુ હતું કે અમે આ ખરડાનો વિરોધ જારી રાખીશું.જો કે કોંગ્રેસના તેવર જોઇને રાજે સરકાર બચાવની મુદ્રામાં આવી ગઇ હતી.

# દરેક પ્રેમલગ્નને જેહાદ ગણી શકાય નહીં : કેરળ હાઇકોર્ટ

તાજેતરમાં કેરળની હાઇકોર્ટે લવ જેહાદના એક બીજા મહત્વના કેસમાં સીમાવર્તી ચુકાદો આપ્યો હતો. હાઇકોર્ટે ઠરાવ્યુ હતું કે દરેક પ્રેમલગ્નને લવ જેહાદ ગણી શકાય નહીં.પ્રેમની કોઇ સીમા હોતી નથી.અને દરેક પ્રેમ લગ્ન લવ જેહાદ હોતા નથી.આથી અનીસ અને શ્રુતિએ જેવી રીતે લગ્ન કર્યા તેને પ્રેમનું પ્રતિક ગણીને પ્રોત્સાહન આપવું જોઇએ.કન્નુરની શ્રુતિ ને તેના પતિ અનીસ હમીદની અરજીમાં કોર્ટે ઉપર મુજબ જણાવ્યુ હતું.શ્રુતિએ હાઇકોર્ટમાં તેના પતિ સાથે રહેવાની પરવાનગી માંગી હતી. કોર્ટે તેને પોતના પતિ સાથે રહેવાની મંજુરી આપી હતી.અનીસ પર એવો આરોપ લગાવાયો હતો કે તેણે શ્રુતિનું જબરજસ્તીથી ધર્મપરિવર્તન કરાવીને લગ્ન કર્યા છે.કેરળ હાઇકોર્ટે ૨૫મી મેના રોજ હિંદુ યુવતી હાદિયા અને મુસ્લીમ યુવક શફીન જહાંના નિકાહ રદ કર્યા હતા.કોર્ટે જે ચુકાદામાં નોધ્યુ છે કે દરેક પ્રેમ લગ્ન લવ જેહાદ હોતા નથી. પરંતુ કટ્ટરવાદીઓ આ વિચારધારા સ્વીકારી શકશે ?

# હોલમાર્ક વગરના દાગીના વેચી શકાશે નહી સરકાર ગુણવત્તાના મુદ્દે આકરા નિયમો લાવવાની તૈયારીમાં

ભારતમાં સોના ઉપરનો પ્રેમ જાણીતો છે. તહેવારો દરમિયાન સોનાના દાગીનાની ધુમ ખરીદી થાય છે. દાગીનાની ગુણવત્તા બાબતે ઘણી સમસ્યા થતી હોય છે. આ સંજોગોમાં દુકાનદાર પર કેવી રીતે વિશ્વાસ મુકવો તે પણ એક સમસ્યા છે. સરકારે આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે રસ્તો શોધી કાઢ્યો છે. હવે ઘરેણાની ખરીદી દરમિયાન લોકોને ગણી સવલત મળી રહેશે. સરકારે ઘરેણાની ગુણવત્તાના માપદંડો નક્કી કરી લીધા છે. ટુંક સમયમાં જ આ મુદ્દે એક નિર્દેશ જારી થવાની શકયતા છે. કન્ઝુમર્સ બાબતોના મંત્રી રામવિલાસ પાસવાને જણાવ્યુ હતું કે સરકારે હોલમાર્ક વગરના દાગીના વેચવા પર પ્રતિબંધ મુકવાનો તજ્ઞો તૈયાર કરી લીધો છે. ટુંક સમયમાં નિયમ જારી કરાશે. જેના આધારે હોલમાર્ક વગરના દાગીના વેચી શકાશે નહીં. દરેક જ્વેલર્સે પોતના દાગીના હોલમાર્ક કરવવા ફરજીયાત થઇ જશે. નિયમનો ભંગ કરનાર સામે કડક પગલાં ભરાશે.

પાસવાને કહ્યુ હતું કે હાલમાં સોનાના કેરેટ અંગે વિવિધ માપદંડો પ્રવર્તી રહ્યા છે.ઝવેરીઓ દ્વારા વિવિધ કેરેટનું સોનું વેચવામાં આવી રહ્યું છે.હાલમાં ૯ કેરેટથી માંડીને ૧૮ થી ૨ કેરેટના સોનાના વેચાણના માપદંડ નક્કી કરવામા આવે તેવી શકયતાઓ છે.દાગીના બનાવતી કંપનીઓએ નામ,હોલમાર્કનું નિશાન અને કેરેટ જેવી વિગતો દાગીના ઉપર જ કોતરવી પડશે. નવા નિયમો ડિસેમ્બર સુધીમાં લાગુ થઇ જાય તેવી શક્યતાઓ છે. જો આવા નિયમો લાગુ પડશે તો દેશના સોનું ખરીદનારા ગ્રાહકોને તેનાથી વિશેષ લાભ થશે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૯૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# ચુંટણી પંચ પર સવાલ કરવાના અધિકાર બાબતે વડાપ્રધાન મોદીને કોગ્રેસના અગ્રણી અને ભુતપુર્વ મંત્રી પી.ચિદામ્બરનો જવાબ

ચુંટણી પંચની ટીકા કરી રહેલા વિપક્ષની ઝાટકણી કાઢતાં વડાપ્રધાન મોદીએ ગુજરાતની મુલાકાત દરમિયાન જણાવ્યુ હતું કે ચુંટણી પંચને સવાલો કરવા જોઈએ નહીં.આ બાબતે કોગ્રેસના અગ્રણી અને ભુતપુર્વ મંત્રી પી.ચિદામ્બરમે જણાવ્યુ હતું કે જો નાગરિકો ચુંટણી પંચને સવાલ ન કરી શકે તો શું વિનંતીઓ કરે ? જો ચુંટણી પંચને સવાલ ન કરી શકે તો વડાપ્રધાન જણાવે કે ચુંટણી પંચને કોણ સવાલ કરી શકે ?નાગરિકોએ શું કરવું જોઈએ ?ચુંટણી પંચને વિનંતીઓ કરવી જોઈએ ?વડાપ્રધાને કહ્યુ હતું કે ચુંટણી પંચ પર સવાલ ઉઠાવવાનો કોગ્રેસને કોઈ નૈતિક અધિકાર નથી.તાજેતરમાં ગુજરાતમાં યોજાયેલી રાજ્યસભાની ચુંટણીનો ઉલ્લેખ કરતાં વડાપ્રધાને કહ્યુ હતું ક કે કોગ્રેસના ઉમેદવાર અહેમદ પટેલે શું કર્યુ હતું જેને કારણે તેઓ ચુંટણી જીતી ગયા હતા. જેઓ પુનઃ મતગણતરીમાં જીત્યા હતા તે હવે ચુંટણી પંચને સવાલ કરી રહ્યા છે કે મોદી ગુજરાતમાં શા માટે જાય છે.જવાબમાં ચિદમ્બરમે કહ્યુ હતું કે ગુજરાત રાજ્યસભાની ચુંટણીમાં પુનઃમતગણતરી હાથ ધરાઈ જ નહોતી.

# પૈસા અને પાવરના જોરે શિવસેનાને ઉખાડી ફેકવા ભાજપ પ્રયાસ કરે છેઃ ઉદ્દવ ઠાકરે શિવસેના પ્રમુખ

શિવસેનાએ ભાજપની ઝાટકણી કાઢતાં કહ્યુ હતું કે આજકાલ રાજકારણમાં ક્યા પક્ષની તેજી છે અને પૈસાની લાલચ આપીને કોણે લે-વેચની હાટડીં માંડી છે એ બધુ જનતા જોઈ રહી છે.આજે રાજકારણમાં મબલક પૈસો માત્ર એક જ પાર્ટી પાસે છે. અને એ પૈસાના જોરે શિવસેનાની ટાંગ ખેચવાનો પ્રયત્ન કરી રહ્યા છે.નોટબંધી પછી લોકોના જીવનમાં મંદી આવી હોવા છતાં ફક્ત એક પ પક્ષની ચાંદી છે. અને એટલે એ પક્ષે ગોવાથી લઈને મણિપુર સુધીના મતદારોએ જાકારો આપ્યો હોવા છતાં નાણાં વેરીને સત્તા હાંસલ કરી , એવો આક્ષેપ સામનાના અગ્રલેખમાં કરવામાં આવ્યો હતો.

ઉધ્ધવ ઠાકરેએ ભાજપનું નામ લીધા સિવાય જણાવ્યુ હતું કે મુંબઈ મહાપાલિકામાંથી શિવસેનાની સત્તા આંચકી લેવાની ફિશિયારી વેપારી લોકોના પૈસાના જોરે જ મારવામાં આવતી હતી.એ માટે પૈસાની સુરંગ ન લગાડી શકાઈ એની હતાશા ઘણાના મનમાં છે.વેપારીઓને આંબા-આબલી બતાવીને તેમના પૈસાના જોરે સત્તા મેળવવાની અને પછી એમને આપેલા વચનો ખીટી પર ટાંગી દેવાના એવા ધંધા અમે કદી કર્યા નથી.મુંબઈ મહાપાલિકામાં શિવસેનાનું સંખ્યાબળ વધવાનું દુઃખ કોગ્રેસ અને એનસીપીને ન થયું પણલખલુંટ પૈસો ધરાવનારા લોકોને થયું એમાં બધુ આવી ગયું.



# સીબીઆઇની સ્વાયત્તતા અને સ્વતંત્રતાનો મોદી સરકાર નાશ કરી રહી છે : પ્રશાંત ભુષણ

સુપ્રીમ કોર્ટના અગ્રણી એડવોકેટ પ્રશાંત ભુષણે જણાવ્યુ હતું કે મોદી સરકાર સીબીઆઈની સ્વાયત્તતા અને સ્વતંત્રતાનો નાશ કરવા ઉતાવળી બની છે.સીબીઆઈમાં સ્પેશિયલ ડિરેકટરપદે રાકેશ અસ્થાનાની નિયુક્તિ પર પ્રત્યાઘાત આપતાં ભુષણે જણાવ્યુ હતું કે અસ્થાનાની નિયુક્તિ સંપુર્ણપણે ગેરકાયદેસર છે.

સીબીઆઈએ સ્ટલિંગ બાયોટેક કંપની સામે એફઆઈઆર નોધાવેલી છે.અને તેની ડાયરીમાં રાકેશ અસ્થાનાનું નામ છે.હુ રાકેશ અસ્થાનાની નિયુક્તિને પડકાર આપીશ.મોદી સરકારે ગુજરાત કેડરના આઈપીએસ અધિકારી રાકેશ અસ્થાનાની સીબીઆઈના સ્પેશીયલ ડાયરેકટર તરીકે નિયુક્તિ કરી છે.અત્યારે અસ્થાના સીબીઆઈમાં અધિક ડીરેકટરપદે સેવા આપી રહ્યા છે.તેઓ ઓગસ્ટા વેસ્ટલેન્ડ કૌભાંડ સહિતની મહત્વની તપાસ સંભાળે છે.

૧૯૮૪ની બેચના આઈપીએસ એવા અસ્થાનાએ ગોધરામાં થયેલા સાબરમતી ટ્રેનકાંડની તપાસ કરનાર સીટનું નેતૃત્વ સંભાળ્યું હતું.અસ્થાના લાલુ યાદવ સામે નોધાયેલા રેલવે હોટલ ભ્રષ્ટાચારના કેસની પણ તપાસ સંભાળી રહ્યા છે.અસ્થાના ઉપરાંત ૧૯૮૪ની બેચના સાત અન્ય આઈપીએસ અધિકારીઓને પણ સરકારે પ્રમોશન આપ્યા છે.

સુપ્રીમ કોર્ટમાં રાકેશ અસ્થાનાની નિમણુંક સામે પીટીશન ફાઈલ થઈ ચુકી છે.પરંતુ સરકાર રાકેશ અસ્થાનાની નિમણુંક બાબતે કોર્ટમાં તેને પડકાર આપશે કારણકે સરકારે જે કેસો તેમને સોપ્યા છે તેમાં તેમની અગત્યની ભુમિકા છે.અને અન્યો કામોમાં તેમની જરુરીયાત છે.

# દેશભક્તિ સાબિત કરવા રાષ્ટ્રગાન દરમિયાન થિયેટરમાં ઊભા રહેવાની જરુર નથી : સુપ્રીમ કોર્ટ



સુપ્રીમ કોર્ટે એક મહત્વનો આદેશ આપતાં કહ્યુ હતું કે દેશભક્તિ કે રાષ્ટ્રભક્તિ સાબિત કરવા માટે સિનેમા હોલમાં રાષ્ટ્રગાન દરમિયાન ઉભા થવાની જરુર નથી. કેન્દ્ર સરકારે આ મુદે બનાવેલા નિયમોમાં સુધારા અંગે વિચાર કરવો જોઈએ.સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે કોઈ વ્યક્તિ થિયેટરમાં રાષ્ટ્રગાન વખતે ઉભી થતી નથી તો તેનો અર્થ એ નથી થતો કે તેનામાં દેશભક્તિ ઓછી છે. ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ૩૦ નવેમ્બર ૨૦૧૬માં પોતાના ચુકાદામાં જણાવ્યુ હતું કે થિયેટરમાં રાષ્ટ્રગાનને ફરજીયાત બનાવવામાં આવે.

સુપ્રીમ કોર્ટે કહ્યુ હતું કે સરકાર અમારા ખભે બંધુક મુકીને ફોડવા માંગે છે જે અમે થવા નહીં દઈએ.કોર્ટે સરકારને તાકીદ કરતાં જણાવ્યુ હતું કે આ મુદ્દો ખુબજ ગંભીર છે. ચીફ જસ્ટીસ દિપક મિશ્રાની ખંડપીઠે એક પીટીશન ઉપર સુનાવણી દરમિયાન કેટલીક બાબતો સરકાર અને સમાજ માટે રજુ કરી હતી.જસ્ટીસ એ.એમ.ખાનવિલકર અને જસ્ટીસ ચંદ્રચુડ પણ ખંડપીઠમાં હતા. તેમણે જણાવ્યુ હતું કે સમાજ માટે નિયમો બનાવ્યા પછી તેનો અમલ માટે મોરલ પોલીસીંગની જરુર નથી.આગામી સમયમાં સરકાર એમ ઈચ્છશે કે થિયેટરમાં ટી-શર્ટ અને શોટ્ર્સ પહેરીને પ્રવેશી શકાશે નહીં કારણકે તેનાથી રાષ્ટ્રગાનનું અપમાન થાય છે.

સુપ્રીમની બેન્ચે જણાવ્યુ હતું કે સુપ્રીમ કોટ દ્વારા ૩૦ નવેમ્બર ૨૦૧૬ના રોજ જે ઓર્ડર આપવામાં આવ્યો હતો તેમાં સુધારા થઈ શકે છે.આ ઓર્ડર સુપ્રીમે થિયેટરમાં મુવી શરુ થતાં પહેલાં રાષ્ટ્રગાનને ફરજીયાત બનાવ્યુ હતું.બેન્ચે જણાવ્યુ હદતું કે અમે તેમાં થોડા શાબ્દિક ફેરફાર કરીને શબ્દને બદલે શબ્દ લાવી શકીએ છીએ.કોર્ટે આ મુદે ટકોર કરતાં કહ્યુ હતું કે કોઈની પાસે આશા રાખવી અને તેને ફરજ પાડવી બે અલગ અલગ બાબત છે.લોકોને તેમના હાથમાં અમે મનમાં દેશભક્તિ લઈને ફરવા માટે લોકોને મજબુર કરી શકાય નહીં.અદાલતો પોતાના આદેશ દ્વારા લોકોમાં દેશભક્તિ જન્માવી શકે જ નહીં.તે વ્યક્તિમાં પોતાની રીતે આવતાં વિચાર અને ગુણ છે.સુનાવણી દરમિયાન સરકાર તરફથી હાજર રહેલા એટર્ની જનરલ. કેકે.વેણુગોપાલે જણાવ્યુ કે ભારત વિવિધતાનો દેશ છે.સિનેમા હોલમાં રાષ્ટ્રગાન કરવામાં આવે તેમાં કશું ખોટું નથી.તેના દ્વારા લોકોમાં એકતાનો ભાવ આવશે.આ મુદ્દે શું નિર્ણય કરવો તે સરકાર ઉપર છોડી દેવું જોઈએ.સરકારે નક્કી કરશે કે રાષ્ટ્રગાન દરમિયાન લોકો ઊભા થાય છે કે નહીં તે અંગે તેનો શું વિચાર છે.સુપ્રીમ કોર્ટ દ્વારા આ મુદે આગામી સુનાવણી૯ જાન્યુઆરીએ રાખવામાં આવી છે.આ સમય દરમિયાન સરકારે પોતાનો અભિપ્રાય કોર્ટમાં રજુ કરવો પડશે.વેણુગોપાલનો તર્ક સાંભળીને જજે જણાવ્યુ હતું કે તમે ફલેગ કોડમાં ફેરફાર કરો. તમને કોણે રોક્યા છે.આજકાલ મેચ,ટુર્નામેન્ટ અને ઓલેમ્પીકમાં પણ રાષ્ટ્રગાન થાય છે.ત્યાં અડધાથી વધુલોકોને તેનો અર્થ અને ગંભીરતા સમજતા નથી.તેઓ ઊભા થતાં નથી.

રાષ્ટ્રભકિત,રાષ્ટ્રપ્રેમ ઊભો કરવા માટે પાયામાંથી જ બીજ રોપવા પડે.કાયદાની સખ્તાઈથી તે ઊભા થઈ શકે નહી. જબરજસ્તીથી કોઈને તમે આમાં પરોવાની વાત કરશો તો તે ઉલટાનું ઉંધુ ગણિત પેદા કરશે.તેથી જબરજસ્તીથી કોઈપણ બાબતને લાદી દેવી જોઈએ નહીં.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.તમારી જાગૃતતા અમારુ બળ છે.

**નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર
અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

**ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

# નોટબંધી અને જીએસટીથી લોકોને દેવું કરી દિવાળી ઉજવવાનો વારો આવ્યો : શિવસેના પ્રમુખ ઉધ્ધવ ઠાકરે

દિવાળીની ફિક્કી લાગતી ઉજવણીને નિમિત્ત બનાવીને શિવસેનાએ કેન્દ્ર અને મહારાષ્ટ્રની ભાજપ સરકાર ઉપર ટીકાનો વરસાદ વરસાવ્યો છે.શિવસેનાના પ્રમુખ ઉદ્વવ ઠાકરેના તંત્રીપદે પ્રગટ થતા સામના મુખપત્રની તંત્રીલેખમાં જણાવ્યા મુજબ દિવાળીનો તહેવાર ઉત્સાહ અને આનંદ વધારનારો હોવા છતાં આ વખતે જનતામાં ઉજવણીનો કેટલો ઉત્સાહ છે એજ એક પ્રશ્ન છે. કારણો ગમે તે હોય પણ ઉત્સાહ ગેરહાજર છે. એ હકીકત છે. કામદાર વર્ગ,ખેડુત,મધ્યમ વર્ગ અને વેપારીથી માંડીને ઉદ્યોગપતિ સુધી બધાની જ આ હાલત છે. આવું હોવા છતાં તહેવાર તો ઉજવવો પડે. એટલે લોકો કુટુંબીઓના આનંદ ખાતર દેવું કરીને દિવાળી ઉજવી રહ્યા છે.એવી ટીકા સામનામાં કરવામાં આવી હતી.

નોટબંધી અને જીએસટી એમ ઉપરાઉપરી બે સંકટને લીધે દેશનું અર્થતંત્ર ડામાડોળ છે.

બિલ્ડરો,જવેલરો,અને મોટાભાગના વેપારી વર્ગ છેલ્લા ૧૦-૧૧ મહિનાથી ગ્રાહકોની વાટ જોઇ રહ્યો છે.સવાલ એ છે કે અચ્છે દિનની દિવાળી ક્યાં ખોવાઇ ગઇ ? ખેડુતોના આપઘાત કેમ અટકતા નથી ?અગાઉની સરકારે કાયમ બંધ કરેલું લોડશેરિંગ ફરી કેમ શરુ થયું?દિવાળી પર્વમાં ફટાકડા પર પ્રતિબંધ શા માટે ?આવા અનેક સવાલો સપનામાંથી જાગેલી પ્રજા પુછી રહી છે.માણસે સુખની પળો પોતાના જ કુટુંબમાં શોધવી પડે છે.૬



દિવસની દિવાળી આવી છે.ત્યારે આમ આદમીએ પ્રાર્થના કરવી પડશે કે ફરીથી નોટબંધી જેવો નરકાસુર પેદા ન થાય.આપણી ભેગી કરેલી લક્ષ્મી ચાલી ના જાય.નોટબંધીએ તો લોકોની શિકલ બદલી નાંખી છે

# સાંપ્રત પરિસ્થિતિમાં રાજકીય અખાડામાં ઉતરેલા ધુરંધર મહારથીઓથી જામ્યુ રાજકીય દંગલ : ભાજપ સરકાર સફળ કે નિષ્ફળ ?

ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં આવી રહેલી વિધાનસભાની ચુંટણીઓમાં રાજકીય દંગલ ઉભું થયું છે. ભાજપ સરકારની છેલ્લા ત્રણ વર્ષની આર્થિક પરિસ્થિતિ અને તેમના કેટલાક નિર્ણયોને કારણે સરકાર નિષ્ફળ કે સફળ તે બાબતે રાજકીય ધુંરંધરો મેદાનમાં આવી ગયા છે.ભાજપની મોદી સરકારે નોટબંધી અને જીએસટી જેવા લીધેલા નિર્ણયોને કારણે આર્થિક મંદી ઊભી થઇ છે અને તેના કારણે દેશના નાગરિકોમાં અસંતોષની પારાવાર લાગણીઓ ઊભી થઇ છે અને તેના દુષ્કર પરિણામો મતપેટીઓમાં દેખા દે તેવી વકી ને કારણે સત્તારુઢ પાર્ટી અને વિરોધ પક્ષો વચ્ચે રાજકીય દંગલ ઉભુ થયું છે.કેટલાક ધુરધરોના વિચારો બાબતે જાણકારી મળી છે તેને જોઇએ.

એક વખતના ભાજપના પીઢ નેતા અને અગ્રેસર મનાતા અરુણ શૌરીએ નોટબંધીનું પગલું આત્મઘાતી ગણાવ્યુ હતું. તેમણે કહ્યુ હતું કે ફક્ત અઢી લોકો જ સરકાર ચલાવે છે.તેમણે મોદી સરકારની ટીકા કરતાં કહ્યુ હતું કે આ સરકારની ક્ષમતા માત્ર ઈવેન્ટ મેનેજમેન્ટમાં છે.સરકાર ચલાવવાનું જ્ઞાન નથી એવા લોકો સરકાર ચલાવે છે.આ અટકળો અને સપનાઓ પર ચાલતી સરકાર છે.સરકાર ચલાવનારાઓ કોઇનુ સાંભળતા જ નથી.તેમજ કોઇની સલાહ લેતા નથી.નરેન્દ્ર મોદી, અમિત શાહ અને જેટલી ઈન હાઉસ વકીલ તેઓ સરકાર ચલાવવાનું કોઇ નિષ્ણાંત જ્ઞાન ધરાવતા જ નથી.તેમની આસપાસ ફરતાં પણ નિષ્ણાંતો નથી. તેઓ એક બંધ ચેમ્બરમાં બેસીને સરકાર ચલાવે છે.હતાશામાં પડેલી રિઝર્વ બેન્કે નાના અને મધ્યમ કદના ઉદ્યોગોને પાયમાલ કરી નાંખ્યા છે.તેમની બુમરાણ કોઇ સાંભળતું નથી. યશવંત સિંહા,પી.ચિદમ્બરમ અને અન્ય કેટલાક અર્થશાસ્ત્રીઓએ સત્ય શું છે તેની જાહેરાત કરી છે. પણ તે બહેરા કાને અથડાય છે. મોદી સરકાર ઈવેન્ટ મેનેજમેન્ટમાં જ છે અને તેની સફળતાથીચ તેઓ આત્મસંતોષ માણે રહ્યા છે.

કોગ્રેસના નેતા અને પુર્વ મંત્રી પી.ચિદમ્બરમ કર્યુ કે નોટબંધી-જીએસટીએ અર્થતંત્રને ભારે પછડાટ આપી છે.રાજકીય આંધીના પરિણામો હવે સામે આવી રહ્યા છે.કેટલીક ભાંગફોડ તો કાયદાની ભાગફોડ છે.સંઘ અને ભાજપ બંને વિવિધ ભાંગફોડ માટે જવાબદાર છે.ખાસ શબ્દોનો ઉપયોગ કરીને કે પછી સુચક મૌન પાળીને મોદીએ આંતરધર્મી લગ્ન,બીફ, ડ્રેસકોડ,કેટલીક સાંસ્કૃતિક બાબતો, રાષ્ટ્રવાદ,માતૃભુમિ, સમાન નાગરિક સંહિતા, અને જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો મુદ્દે ચર્ચાના વમળ સર્જ્યા હતા. આવી ચરક્યાઓ સમાજમાં માત્ર ભાગલા પાડી શકે છે કે પછી દલિતો,આદિવાસીઓ, લઘુમતી સમુદાયો, મહિલાઓ અને યુવાનોને ભયભીત કરી શકે.ભાજપ સરકાર દેશની વૃધ્ધિ કે ટેકારુપ વાતાવરણ પુરુ પાડી શકી નથ.સંઘ અને ભાજપ બંને વિવિધ ભાંગફોડ માટે જવાબદાર છે. કેટલીક ભાંગફોડ તો કાયદાની ભાંગફોડ છે. નોટબંધી અને જીએસટ બે મોટી ભાંગફોડ હતી. સૌથી મહત્વનો મુદ્દો બેરોજગારીનો બની રહ્યો છે.રાજકીય આંધીના પરિણામો હવે સામે આવી રહ્યા છે.તેને કારણે યુવાનોમાં આક્રોશ જન્મી રહ્યો છે.

જ્યારે રાહુલ ગાંધી એ કહ્યુ હતું કે મોદીજી હવે દેશનો સમય બરબાદ કરવાનું બંધ કરી લોકોને કામ મળે તે દિશામાં કામ કરે.તેમનાથી ના થતું હોય તો તો ના પાડે, અમે કરીશું.

# મેક ઇન ઇન્ડીયાના સપનાને સાકાર કરવા દેશના કાયદામાં ધરમુળથી ફેરફાર કરાશે તો મોટા પ્રોજેક્ટ આવી શકશે

દેશમાં બહુરાષ્ટ્રીય કંપનીઓ આવીને ભાગીદારીમાં મોટા પ્રોજેક્ટો નાંખી શકે માટે દેશના કાયદાઓમાં ધરમુળથી ફેરફારો કરવા જરુરી છે.દેશની નોકરશાહીની લાલીયાવાડીને કારણે મોટા પ્રોજેક્ટો દેશમાં આવી શકતા નથી.કેટલાક આવે છે પરંતુ દેશની નોકરશાહીના ચક્રવ્યુહમાં એટલી કંટાળી જાય છે કે તેઓ અન્ય દેશોમાં પોતાના પ્રોજેક્ટ લઇ જાય છે.

તાજેતરમાં અમેરિકાના ઈલેક્ટ્રીક કાર બનાવતી ટેસ્લા કંપનીનો પ્રોજેકટ હવે ભારતને બદલે ચીનના શાંગહાઇમાં ખસેડાઇ ગયો છે.કેન્દ્રની મોદી સરકાર છેલ્લા એક વર્ષથી ભારતમાં ઈલેક્ટ્રીક કારનું ઉત્પાદન કરવા માટે ટેસ્લા કારનું ઉત્પાદન કરવા માટે ટેસ્લા અને આઇફોનનું ઉત્પાદન કરવા માટે એપલ કંપની સાથે વાટાઘાટો કરી રહી હતી.પણ એક યા બીજા કારણો સર આ પ્રોજેક્ટ નોકરશાહીમાં અટવાયા હતા. ટેસ્લાએ હવે ઈલેક્ટ્રીક કાર પ્રોજેક્ટશાંગહાઇમાં નાંખવાનો નિર્ણય લઇ લીધો છે.આને કારણે ભારતમાં મેક ઇન ઈન્ડીયા પ્રોજેક્ટને ભારે ફટકો પડ્યો છે.

ટેસ્લાના પ્રમુખ ઈલોન મસ્ક અને ચીનના સત્તાવાળાઓ વચ્ચે શાંગહાઇમાં નવી ફેકટરી નાંખવા સંમતિ સધાઇ હોવાનું વોલ સ્ટ્રીટ જર્નલે જણાવ્યુ હતું. અમેરિકાની બહાર ટેસ્લાની આ પહેલી કાર ફેકટરી હશે. જ્યાં એમીશન ફ્રી કારોનું ઉત્પાદન થશે.ચીન સરકારે આ માટે મેક ઈન ચાઇનાની કેટલીક શરતો પડતી મુકીને શાંગહાઇના ફ્રી ટ્રેડ ઝોનમાં ટેસ્લાને કારખાનું નાંખવા માટે મંજુરી આપી દીધી છે.ટેસ્લાએ આ પ્રોજેક્ટ ભારતમાં સ્થાપવા માટે ૨૦૧૫માં મોદી સરકાર સમક્ષ પ્રસ્તાવ રજુ કર્યો હતો.અને મોદી તેમજ અન્ય અધિકારીઓની ટેસ્લાના પ્રમુખ ઈલોન મસ્ક સાથે વાતચીત પણ થઇ હતી.આમ છતાં આ દોડમાં ભારત ચીન કરતાં પાછળ રહી ગયું છે. ઈલોન મસ્ક આખરે કંટાળીને ચીન સાથે સોદો કરી નાંખ્યો છે.ઈલોને આના કારણો આપતાં ટ્વિટ કર્યુ હતું કે ભારત એક સુસ્ત દેશ છે જે તેની સાથે વેપાર કરવા ઇચ્છતી બહુરાષ્ટ્રીય કંપનીઓની વાસ્તવિક જરુરીયાતોને સમજવાની કોશીશ કરતું નથી.

સમસ્યા મેક ઇન ઈન્ડીયા હેઠળ ભારત આકરી શરતો મુકીને જડ વલણ અપનાવે છે તેની છે.ભારતે મેક ઇન ઈન્ડીયા હેઠળ ઓછામાં ઓછા ૩૦ ટકા સ્પેર પાર્ટસ ભારતમાંથી જ ખરીદવાની શરત રાખી છે. હવે અહીં.ઈલેક્ટ્રીક કાર પણ નથી કે તેના સ્પેરપાર્ટસનું ઉત્પાદન કોઇ પણ કરતું નથી.ત્યારે ટેસ્લા કેવી રીતે તેની કારનુ ઉત્પાદન કરી શકે.

# હવે ભારત ચીનના માલ સામાનની ગુણવત્તા નક્કી કરશે

ભારત કંઝ્યુમર્સ એન્ડ કેપીટલ ગુડસ ક્વોલીટી કંટ્રોલ નિયમોને વધુ કડક બનાવાશે તેથી ચીનને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.ચીન ભારતમાં વિવિધ પ્રકારના માલસામાનનો મોટો જથ્થો નિકાસ કરે છે.સરહદે બેઉ દેશો વચ્ચે તંગદીલી છે તેથી આ નિર્ણય લેવાયો છે.નવા નિયમો મુજબ રમકડાં,વીજળીનો સામાન, મશીનરી,ફુડ પ્રોસેસીંગ, કંન્સ્ટકશન એન્ડ કેમીકલ્સ જેવા સેકટરોમાં તે અમલમાં આવશે.આ ઉપરાંત ચીનની મોટી કંપનીઓ ભારતમાં અબજો ડોલર પાવર ટ્રાન્સમીશન અને ટેલીકોમ ક્ષેત્રે રોકાણ કરવા ઇચ્છે છે.આ નિયમો કડક બનાવવાથી ચીનના રમકડાં વેચનારાઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે.બ્યુરો ઓફ ઈન્ડીયા સ્ટાન્ડર્ડસના તમામ સેકટર માટે આશરે ૨૩૦૦૦ માનક છે.અનેક સો ટકા અમલમાં નથી.કહેવામાં આવ્યુ છે કે લેબોરેટરીમાં પરીક્ષણ થવું જોઇએ પણ તેમ થતું નથી.હવે યુધ્ધ સ્તરે નિયમો કડક બનાવવાની કામગીરી શરુ થઇ ગઇ છે.તે દેશ-વિદેશી તમામ માલસામાન પર અમલી બનશે.જો કે એક બાજુ ચીની વસ્તુઓનો બહિષ્કાર કરવાની વાત સરકાર કરે છે. બીજી બાજુ ગુણવત્તા તપાસવાની વાત કરે છે.

ગ્લોરી કેટરીંગ સર્વીસ
આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો
ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ
સંપર્કઃ એ. એમ.મેકવાન
૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


વિનંતી
તમારી
પ્રાર્થનામાં
અમારી
સેવાઓને ખાસ
યાદ રાખશો

★ નીલા ફાઇનાન્સ ★
આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.
નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૯૫૮,૨૫૩૯૩૩૨૨

તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.